શહેરમાં કોરોનાનો હાહાકાર

જિલ્લામાં નવા ૫૧ કેસ નોંધાયા : પાંચ નાના બાળકો પણ સંક્રમિત થતાં તંત્ર ચિંતાતુર : ગાંધીનગરમાં ૧૫, દહેગામમાં ૩, માણસામાં ૪ અને કલોલમાં ૩ કેસ : સે. ૭ માં ૫ કેસ, સે. ૧૪ માં ૩ કેસ ઉપરાંત સે. ૯, ૨૨, ૨૧, ૨૩, ૨૦ અને ૨૯ માં બે-બે કેસ તેમજ સે. ૧, ૫, ૮, ૨૫ અને પાલજ-જીઈબીમાંથી કેસ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસો આજે ૫૧ નોંધાયા છે. ગઈકાલે ૪૯ કેસ નોંધાયા હતા. આમ છેલ્લા બે દિવસમાં ૧૦૦ કેસ નોંધાતા તંત્ર બેબાકળુ બન્યુ છે.

જિલ્લામાં આજે ગ્રામ્ય વિસ્તારમાં ૨૫ અને શહેરમાં ૨૬ કેસ નોંધાયા છે. શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં જે રીતે કેસો વધી રહ્યા છે તે કોમ્યુનીટી ટ્રાન્સમિશનના સંકેતો આપે છે એટલુ જ નહિ આ નવા પ્રકારનો સ્ટ્રેઈન હોવાની શંકા પણ વ્યક્ત થઈ રહી છે જેમાં પરિવારો સંક્રમિત થઈ રહ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસોમાં બે દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જ્યારે ૨૩ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્ય છે.

ગ્રામ્યવિસ્તારમાં આજે દહેગામમાં ૩, કલોલમાં ૩, માણસામાં ૪, ગાંધીનગરમાં ૧૫ કેસ નોંધાયા છે. માણસામાં રિદ્રોલ ગામે ૮ વર્ષની દિકરી અને પાંચ વર્ષનું બાળક સંક્રમિત થતાં તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે.

ગ્રામ્ય વિસ્તારમાં ૬ મહિલા દર્દી, ૧૦ વિદ્યાર્થીઓ સંક્રમિતોની યાદીમાં છે. આ ઉપરાંત પાંચથી વધુ મોટી વયના લોકો પણ સંક્રમિત થયેલા છે. યુવા દર્દીઓની સંખ્યા પણ ચિંતાજનક છે.

ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં જે રીતે કોરોના બેખોફ બની વિસ્તરી રહ્યો છે તેનાથી તંત્રની ચિંતા વધી છે. કોરોના માટે શરૂઆતથી જ સંવેદનશીલ ગણાતા કુડાસણમાં આજે ૮ કેસ નોંધાયા છે. આ ઉપરાંત ટીંટોડા, વાવોલ, ડભોડા, રાંધેજા, રાયસણ, સુઘડ અને સરગાસણમાંથી કેસો મળી આવ્યા છે.

દહેગામ તાલુકામાં લવાડ ગામેથી ખેડૂતોના બે કેસ અને સાંપા ગામેથી એક ગૃહીણીનો કેસ મળી આવેલ છે.

કલોલ તાલુકામાં સબાલપુર અને ડિંગુચા ગામેથી તેમજ અર્બન-૧ વિસ્તારમાંથી કેસ મળી આવેલ છે.

માણસા તાલુકામાં ૪ કેસ ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયા છે. જેમાં રિદ્રોલ ગામેથી બે નાના ભૂલકાઓ સંક્રમિત થયાના અહેવાલે તંત્રને ચોંકાવી દીધુ છે. આ ઉપરાંત ઈટાદરા અને ખરણા ગામેથી પણ કેસ મળી આવેલ છે.

ગ્રામ્યવિસ્તારમાં આજે વધુ ૧૧ દર્દી રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં ૪૩૫૪ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં એક્ટીવ કેસોની સંખ્યા ૧૦૦ના આંકને પાર કરીને ૧૧૪ પર પહોંચી છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૨૫૮ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના ૨૬ કેસ મળી આવ્યા છે. આજે મળેલા કેસમાંથી બે દર્દીને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં નવ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. શહેરમાં આજે પાંચ વર્ષની એક નાની દિકરી પણ સંક્રમિત થતાં તંત્રની ચિંતા વધી છે. આજે સંક્રમિતોની યાદીમાં ૧૦ વર્ષનું બાળક અને ૧૩ વર્ષની દિકરીનો પણ સમાવેશ થાય છે.

શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાં ૩ વિદ્યાર્થી અને પાંચ દર્દી ૬૦ થી વધુ વય ધરાવતા દર્દીઓ છે.

આજે સંક્રમિત થનારાઓમાં એક શિક્ષક, ડ્રાયવર, વેપારી, જીસીઆરટીનો કર્મયોગી, સે. ૧૫ ની કોલેજના અધ્યાપક, બે તબીબ,

● અનુસંધાન પાન-૭ પર

સિવિલમાં ૧૭૦ અને આશ્કામાં ૭૨ કોરોનાના દર્દીઓ સારવાર હેઠળ

સિવિલની ૬૦૦ બેડની હોસ્પિટલમાં કોવીડ દર્દીઓની માત્ર સારવાર વિવિધ વિભાગના વોર્ડ ડી, ઈ, અને એફ બ્લોકમાં શીફ્ટ કરાયા

ગાંધીનગર, તા.૩૦

મેડીકલ કોલેજ સંચાલિત ગાંધીનગર હોસ્ટિપટલમાં સતત વધી રહેલા કોવીડ દર્દીઓને પગલે અન્ય વિભાગના વોર્ડના દર્દીઓને અન્યત્ર શીફ્ટ કરી દેવામાં આવ્યા છે. જયારે ૭ અને ૮ મો માળ કોરોના સંક્રમણ દર્દીઓની ભરાઈ જતા નવો ૬ઠ્ઠો માળ પણ દર્દીઓ માટે ખુલ્લો મુકવા માટે તંત્ર દ્વારા તૈયારીઓ શરુ થઈ ગઈ છે. એટલે કે કેમ કહી શકાય કે ૬૦૦ બેડની હોસ્પિટલ બિલ્ડીગમાં માત્ર ને માત્ર કોવીડ દર્દીઓને સારવાર આપવામાં આવશે. જયારે ત્રીજા માળે કાર્યરત આઈસીયુ તેમજ હિમોડાયાલિસીસ વિભાગ અને નોન કોવીડ ઓપરેશન થિયેટર યથાવત રાખવામાં આવ્યું છે.

મળતી માહિતી મુજબ એક વર્ષ થવા છતા કોરોના સંક્રમણ હજુ અટકવાનુ નામ લેતુ નથી. પહેલા જેવી પરિસ્થિતિ ફરીવાર ઉભી થઈ રહી હોય તેમ લાગી રહ્યું છે. કોરોના કેસ શેરબજારની જેમ વધતા જોવા મળી રહ્યા છે. કોરોનાને અટકાવવા માટે તંત્ર સતત પ્રયાસ કરી રહ્યું છે. ત્યારે સમગ્ર રાજયને કોરોના અજગરી ભરડો લઈ રહ્યું હોય તેમ લાગી રહ્યું છે. રાજયમાં કોરોનાના આજે ૨૨૪૦ કેસ નોંધાયા છે. તો બીજીબાજુ મૃત્યુઆંક પણ સતત વધી રહ્યો છે. જેને પગલે નાગરીકોમાં પણ ફફડાટ ફેલાયો છે. રાજયના પાટનગરમાં આજના ૨૬ પોઝીટીવ કેસ નોંધાયા છે. શહેરની કોવીડ હોસ્પિટલમાં અંદાજીત ૧૭૦ જેટલા દર્દીઓ સારવાર મેળવી રહ્યા છે. જયારે શહેરની આસપાસ આવેલી ખાનગી હોસ્પિટલમાં પણ બિનસત્તાવાર આંકડા મુજબ ૧૩૦ થી વધુ દર્દીઓ કોરોનાના સારવાર લઈ રહ્યા છે. કોરોના કેસ વધતા સિવિલ તંત્ર સાબદુ થઈ ગયુ છે. ૬૦૦ બેડની હોસ્પિટલના તમામ વિભાગના વોર્ડ ખાલી કરી અન્ય ખસેડી દેવાયા છે. જેથી કોરોના કેસ વધતા બે દિવસે એક વધુ એક વોર્ડ નવો તૈયાર કરાય છે. કોવીડના કેસને પગલે સિવિલના ડોકટર્સ, નર્સિંગ સ્ટાફ, સહિત વર્ગ-૪ સહિતના સ્ટાફને ફરજ પર તૈનાત કરાયા છે.

જિલ્લામાં કોરોનાનો ચેપરેટ ૩.૫ ટકાએ પહોંચ્યો

ગાંધીનગર જિલ્લામાં કોરોનાનો ચેપરેટ ૩.૫ ટકા પર પહોંચ્યો છે. છેલ્લે ઓગષ્ટથી નવેમ્બરના ગાળામાં આ ચેપરેટ જોવા મળ્યો હતો. શહેર અને જિલ્લામાં જે રીતે કેસો વધી રહ્યા છે તેને લઈ કોરોનાનો નવો સ્ટ્રેઈન હોવાની વાતો પણ તબીબી જગતમાં ચર્ચાનો મુદ્દો બની છે કારણ કે આ વખતે કેસોમાં પરિવારોના પરિવાર વધુ સપડાઈ રહ્યા છે એટલુ જ નહિ ચેપ પણ ઝડપથી વિસ્તરી રહ્યો છે.

શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં જે રીતે કેસો છેલ્લા એક સપ્તાહમાં વધ્યા છે તેનાથી તંત્રની ચિંતા પણ વધી છે. કોરોનાના નવા ટ્રેન્ડમાં લક્ષણો બહુ માઈલ્ડ જોવા મળી રહ્યા છે અને એટલે જ હોસ્પિટલાઈઝેશનનો દર પણ ઓછો હોવાની વાતો તબીબી જગતમાં ચર્ચાતો જોવા મળ્યો છે. મોટીવયના લોકો, મહિલાઓ અને વિદ્યાર્થીઓ સંક્રમિત થઈ રહ્યા છે. તંત્રએ હાલ તો અનિવાર્ય ના હોય તો બહાર ન નીકળવા, સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવવા તેમજ માસ્ક ફરજીયાત પહેરવાની અપીલો દોહરાવી છે.

શહેરના મુક્તિધામ ખાતે બે દિવસમાં ૯ કોરોના પોઝીટીવ મૃતકોના અગ્નિસંસ્કાર કરાયા

કોરોના પોઝીટીવ આંકડો ચિંતાજનક રીતે વધી રહ્યો છે. જેથી સામાન્ય નાગરીકમાં પણ ભય ફેલાયો છે. શહેરની સરકારી કોવીડ હોસ્પિટલમાં અંદાજીત ૧૭૦ થી વધુ દર્દીઓ સારવાર મેળવી રહ્યા છે. ત્યારે મંગળવારના રોજ પણ ૨૬ દર્દીઓ કોરોના સંક્રમણના નોંધાયા છે. ત્યારે છેલ્લા બે દિવસમાં સિવિલ હોસ્પિટલમાં સારવાર લેતા ૯ કોરોના પોઝીટીવ દર્દીઓએ અંતિમ શ્વાસ લીધા છે.

જેમાં ૬ દર્દીઓના અંતિમ સંસ્કાર સેકટર-૩૦ મુક્તિધામ ખાતે કરવામાં આવ્યા છે.જયારે અન્ય ૩ દર્દીની અંતિમ વિધી સરગાસણ રૂદ્રભુમિ ખાતે કરવામાં આવી છે. શહેરમાં કોવીડના વધતા જતા આંકડાની સામે મૃત્યુઆંક પણ વધતા સિવિલ તંત્ર અને આરોગ્ય તંત્ર પણ ચિંતિત નજરે પડી રહ્યું છે.

સચિવાલય સંકુલમાં ૫૪ કર્મીઓ કોરોનાથી સંક્રમિત

કુડાસણ વિસ્તારમાં શુકન સ્કાયમાં ૩૦થી વધુ કેસ નોંધાયા

સચિવાલય સંકુલમાં મંગળવારે આખો દિવસ ૧૯૨ ટેસ્ટ કરાયા જેમાંથી ૫૩ને પોઝિટિવ અને ૧૩૯ નેગેટિવ આવ્યા છે. જેમાં સામાન્ય વહીવટ વિભાગના ૨૦ કર્મચારીઓને પોઝિટિવ સમગ્ર સચિવાલયમાં હાહાકાર મચી ગયો હતો. જ્યારે ઉર્જા મંત્રી સૌરભ પટેલ કોરોનાથી સંક્રમિત થતાં આવતીકાલે વિધાનસભામાં તેમના વિભાગના જવાબ નાયબ મુખ્યમંત્રી રજૂ કરશે.

જ્યારે કુડાસણ નજીક બનેલ શુકન સ્કાય સ્કીમમાં ૩૦ થી વધુ કેસ કોરોનાના હોવાની વાતો આજે પાટનગરમાં ચર્ચાનો મુદ્દો હતી.

બે સરકારી અધિકારીઓના મોતથી સચિવાલય સહિતની કચેરીઓમાં શોકની લાગણી વ્યાપી

ગાંધીનગરમાં આજે કોરોનાને કારણે બે દર્દીના મોત થયાની વાતને પગલે સચિવાલયમાં શોકની લાગણી પ્રસરેલી જોવા મળતી હતી.

મળતી વિગતો પ્રમાણે સામાન્ય વહીવટ વિભાગના એક સેક્શન અધિકારી તેમજ કૃષિભવનના એક ગર્ભવતી મહિલા અધિકારીનુ કોરોનામાં અવસાન થયુ છે. કર્મચારી સૂત્રોના જણાવ્યા પ્રમાણે કૃષિ ભવનમાં ફરજો બજાવતા શ્વેતાબેન મહેતાનું તો એક પુસ્તક પણ વિમોચન થયેલુ છે. જે પુસ્તકનું વિમોચન મુખ્યમંત્રી રૂપાણીએ કર્યુ હતુ. 'ખીલતી કળીને વ્હાલ' નામનુ આ પુસ્તક હતુ. તેમણે તેમના ફેસબુક પેજ પર 'મોબાઈલ અને પેરેન્ટીંગ' વિષયનો એક લેખ પણ લખ્યો હતો.

જો કે સરકારે આજે જે મોત બતાવ્યા છે તેમાં આ બે અધિકારીના મોતનો સમાવેશ કરાયો નથી. સચિવાલય અને વિધાનસભામાં આજે કર્મચારીઓમાં આ મુદ્દો સતત ચર્ચામાં છવાયેલો રહેવા ઉપરાંત ઘેરા શોકની લાગણી પ્રસરેલી જોવા મળી હતી.

ચૂંટણી અધિકારી વ નાયબ જિલ્લા વિકાસ અધિકારી કોરોનાથી સંક્રમિત થયા

ગાંધીનગર મહાનગરપાલિકામાં વોર્ડ નં. ૩ અને ૪ ના ચૂંટણી અધિકારી વ નાયબ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી જ્હાનવીબેન પટેલ કોરોનાથી સંક્રમિત થયા છે. તેમની જગ્યાએ તાત્કાલિક અસરથી જિલ્લા આંકડા અધિકારી પ્રજાપતિને નાયબ જિલ્લા વિકાસ અધિકારી તરીકે અને ચૂંટણી અધિકારી તરીકેનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. તેમણે તેમના આ નવા હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો છે.

રાજ્યના વહીવટી તંત્રમાં ધરખમ ફેરફારો, સપ્તાહમાં ૭૫થી વધુ બદલીઓ થશે

પંકજકુમારને ગૃહ, રાજીવ ગુપ્તાને ઉદ્યોગ, મુકેશ પુરીને મહેસૂલ વિભાગ મળવાની સંભાવના, સિનિયર ઓફિસરો, બોર્ડ-નિગમના એમડી, જિલ્લા કલેક્ટરો અને જિલ્લા વિકાસ અધિકારીમાં ફેરબદલ થઇ શકે છે

ગાંધીનગર

ગુજરાતના વહીવટી તંત્રમાં લાંબા સમય પછી મોટાપાયે ફેરફારો સંભવ બન્યાં છે. કોરોના સંક્રમણ, ચૂંટણી અને વિધાનસભાનું સત્ર આડું આવતાં બદલીઓની ફાઈલ ક્લિયર થઈ શકી ન હતી પરંતુ હવે સામૂહિકરીતે ૭૫થી વધુ સનદી અધિકારીઓ સાથે ગુજરાત વહીવટી સેવાના ઓફિસરોની ફેરબદલ નિશ્ચિત બની છે. સંભવત આ બદલીઓ એપ્રિલ મહિનાના પહેલા સપ્તાહમાં થવાની સંભાવના છે.

ગુજરાતના વિભાગોના ઉચ્ચ સનદી અધિકારીઓ, બોર્ડ-નિગમના એમડી, જિલ્લા કલેક્ટરો, જિલ્લા વિકાસ અધિકારી તેમજ મ્યુનિસિપલ કમિશનરોની ફેરબદલ મુખ્યમંત્રી વિજય રૂપાણીના રડારમાં આવી છે. છેલ્લા બે વર્ષથી વહીવટી તંત્રમાં બદલીઓ થઈ શકી નથી. જે વિભાગોમાં જગ્યા ખાલી પડી છે ત્યાં વધારાના ચાર્જથી ચલાવવામાં આવ્યું છે. ગુજરાત વહીવટી સેવાના જે ઓફિસરોને આઈએએસ કેડરમાં નોમિનેટ કરવામાં આવ્યા છે તેમની પણ બદલી સંભવ બની છે.

સચિવાલયના સૂત્રો જણાવે છે કે હાલ મહેસૂલ વિભાગના અધિક મુખ્યસચિવ પંકજકુમાર હાલ ગૃહ વિભાગનો વધારાનો હવાલો સંભાળે છે ત્યારે તેમને પૂર્ણસમય માટે ગૃહ વિભાગમાં મૂકવામાં આવે તેવું મનાઈ રહ્યું છે. હાલ ઉદ્યોગ વિભાગના અધિક મુખ્યસચિવનો વધારાનો હવાલો મુખ્યમંત્રી કાર્યાલયના અધિક મુખ્યસચિવ એમકે દાસ પાસે છે ત્યારે તે ઉદ્યોગ વિભાગમાં વન અને પર્યાવરણ વિભાગના અધિક મુખ્યસચિવ રાજીવકુમાર ગુપ્તાની નિયુક્તિ થવા સંભવ છે.

ગુજરાત સરકારના મહત્વના વિભાગો જેવાં કે મહેસૂલ, ગૃહ, પંચાયત, શહેરી વિકાસ, ઉર્જા, વન અને પર્યાવરણ, ઉદ્યોગ, ખાણ અને ખનીજ, બંદર અને ટ્રાન્સપોર્ટેશન, આરોગ્ય, સામાજીક ન્યાય, સામાન્ય વહીવટ વિભાગ, નાણાં, પાણી પુરવઠા, કૃષિ અને સહકાર તેમજ પ્રવાસન જેવા વિભાગોમાં ઉચ્ચ અધિકારીઓની બદલી થવાની સંભાવના છે.

શહેરી વિકાસ વિભાગમાં ફરજ બજાવતા અધિક મુખ્યસચિવ મુકેશ પુરી, ઉચ્ચ શિક્ષણ

● અનુસંધાન પાન-૭ પર

મનપા માટે ભાજપમાં 'નો રીપીટ' થીયરી અને કોંગ્રેસમાં 'વેઈટ એન્ડ વૉચ' થીયરી

કોંગ્રેસ દ્વારા ૪ વોર્ડમાં પેનલો ફાયનલ થઈ પણ સાત વોર્ડમાં પસંદગીને લઈ આંતરિક ખેંચતાણ ચાલુ :ભાજપ આજે સવારે યાદી જાહેર કરશે : કોંગ્રેસ ૨૫ જેટલા ઉમેદવારો જાહેર કરશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર મહાનગર પાલિકાના ચૂંટણી જંગમાં ઉમેદવારી પત્રો ભરવાની અંતિમ મુદતની આડે બે દિવસ જ બાકી છે પણ બન્ને મુખ્ય રાજકીય પક્ષોએ ઉમેદવારોની યાદીને આખરી ઓપ આપ્યો ન હોવાથી નગરમાં રાજકીય સસ્પેસે ભારે ઉત્તેજના જગાવી છે.

પાટનગરના રાજકીય વર્તુળોમાંથી જાણવા મળતી વિગતો પ્રમાણે રાજ્યના મુખ્યમંત્રીના નિવાસસ્થાને આજે ભાજપના આગેવાનોની બેઠકમાં પસંદગીના મુદ્દે ભારે ગજગ્રાહ છવાયેલો જોવા મળ્યો હતો. ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટિલ પણ રાત્રે બેઠકમાં સામેલ થશે તેવા સંકેતો મળી રહ્યા છે.

મહાનગરપાલિકાના આ જંગમાં ભાજપ જે રીતે પક્ષના આંતરિક વિખવાદો બહાર આવી રહ્યા છે તેને લઈ કદાચ 'નો રીપીટ' થીયરી અપનાવી તદ્દન નવા ચહેરાઓને સ્થાન આપશે તેમ મનાઈ રહ્યુ છે. પક્ષ દ્વારા આગામી દિવસોમાં શિસ્તનો કોરડો પણ શહેરમાં વિંઝવામાં આવે તો નવાઈ જેવી નથી તેવી વાતો પણ રાજકીય વર્તુળોમાં ચર્ચાતી સાંભળવા મળી રહી છે.

પક્ષના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૩૧મી માર્ચના રોજ સવારે ૧૦ વાગ્યા સુધીમાં

● અનુસંધાન પાન-૭ પર

ભાજપના ઘોંઘાટિયા વાતાવરણમાં કોંગ્રેસના રચનાત્મક સુચનો પણ સાંભળવામાં આવ્યા નહિ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજની મળેલ બેઠકમાં ભાજપી સભ્યોના ઘોંઘાટિયા વાતાવરણ વચ્ચે કોંગ્રેસના રચનાત્મક સૂચનો સુધારા બજેટમાં સમાવવાની શરત સાથે મંજૂર થયુ હતુ.

સામાન્ય સભાના પ્રારંભમાં જ એજન્ડામાં ગત સામાન્ય સભા અને અગાઉની સામાન્ય સભાના એજન્ડા વંચાણે લઈ બહાલી આપવાના કોંગીના અજીતસિંહ રાઠોડના વાંધાને ફગાવી દેવાયા હતા.

આ પછી સામાન્ય સભામાં બજેટ રજુ કરવામાં આવ્યુ હતુ. આ બજેટ પર ચર્ચા કરવાનો ઈન્કાર પણ ભાજપના સભ્યો જે રીતે કરી રહ્યા હતા તેના કારણે કોંગ્રેસે પણ હલ્લાબોલ કરી સચિવ પાસે વારંવાર રક્ષણની વાત કરી હતી. કોંગ્રેસે જિલ્લો પાણીના મુદ્દે ઓવર એક્સપોલોઈટેડ કેટેગરીમાં આવતો હોવાથી તેમજ ગ્રામ પંચાયતો આર્થિક રીતે સમૃદ્ધ નથી અને બક્ષીપંચની વસ્તી વિશેષ છે ત્યારે જોગવાઈ વધારવી જોઈએ તેવી વાત પણ સ્વીકારવા તૈયાર થયેલ નહિ.

● અનુસંધાન પાન-૭ પર

૮ સમિતિઓની રચના કરવામાં આવી : હવે ચેરમેનોની નિયુક્તીની ઔપચારિકતા પુરી કરાશે

કોંગ્રેસે સભા પુરી થયાની જાહેરાત ન થઈ હોવાનું જણાવી સમાંતર બેઠક યોજી

મનરેગાનું લેબર બજેટ નામંજૂર કરાયુ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે મળેલ સામાન્ય સભામાં સભા પૂર્ણ થયેલી જાહેર કર્યા વિના અધિકારીઓ-પદાધિકારીઓ જતા રહેતા કોંગ્રેસે આ તક ઝડપી લઈ તાત્કાલિક પક્ષના સભ્ય શનાભાઈ પટેલના અધ્યક્ષપદે વરણી કરી અને સભા શરૂ કરી સૌને ચોંકાવી દીધા હતા.

આ બેઠકમાં મનરેગાનું લેબર બજેટ નામંજૂર કરવામાં આવ્યુ હતુ. આ ઉપરાંત જે રીતે છેલ્લી સામાન્ય સભામાં થયેલ કાર્યવાહી નોધને બહાલી ના આપવાને લઈ અધિકારીઓની અજ્ઞાનતાને ઉજાગર કરી ભાજપની આ તુમાખાશાહીને જન જાગરણનો મુદ્દો બનાવવાનો નિર્ણય લેવાયો હતો. આજની બેઠકમાં કોંગ્રેસના સભ્યોએ બજેટના મુદ્દે લેખિતમાં રજુઆતો ખાસ કરીને પાણીની ગ્રામ્ય વિસ્તારમાં સ્થિતિ અંગે જિલ્લા વિકાસ અધિકારીને મોકલી આપવા પણ જણાવ્યુ હતુ. બેઠક બાદ મનરેગાના બજેટમાં ગાંધીનગર, માણસા અને કલોલ તાલુકાના ગામો ખોટા દર્શાવવાનું અને ગત વર્ષનું જ બજેટ કોપી પેસ્ટ કરી રજુ કરવામાં આવ્યાનો આક્ષેપ અજીતસિંહ રાઠોડે કર્યો હતો.

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

જન્મ તારીખ ૧-૩-૧૯૪૭ સ્વ. તારીખ ૩૧-૩-૨૦૨૦

સ્વ. ચંદ્રકાન્ત રતિલાલ દવે

નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ
ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારુતઃ

પૂજ્ય બાપુજીને પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શત્ શત્ પ્રણામ

પ્રિતેષ ચંદ્રકાન્ત દવે (પુત્ર) જૈમિની પ્રિતેષ દવે
આશિષ ચંદ્રકાન્ત દવે (પુત્ર) મીનાક્ષી આશિષ દવે

મિસરી - શિવમ્

પ્રથમ વાર્ષિક શ્રધ્ધાંજલી

સ્વ. રાજુભાઈ કેશવલાલ પાટડિયા (સોની)

તા. ૧ જૂન ૧૯૫૧ – તા. ૩૦ માર્ચ ૨૦૨૦

સમય જિંદગીનો ઓછો હશે
ક્યાં ખબર હતી,
વિદાય તમારી અણધારી હશે
ક્યાં ખબર હતી,
સર્વત્ર સુવાસ ફેલાવી સંભારણા
સૌના દિલમાં રાખી ગયા.
પ્રભુ આપના દિવ્ય આત્માને
શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

લિ.
પાટડિયા રેખાબેન રાજુભાઈ (પત્ની)
પાટડિયા હાર્દિક રાજુભાઈ (પુત્ર)
પાટડિયા હિતાર્થ રાજુભાઈ (પુત્ર)
પાટડિયા કરિશ્મા રાજુભાઈ (પુત્રી)
પાટડિયા દિપાલી હાર્દિક (પુત્રવધુ)
પાટડિયા જેસીકા હિતાર્થ (પુત્રવધુ)
પાટડિયા હિયા હાર્દિક (પૌત્રી)
પાટડિયા રિશિવ હાર્દિક (પૌત્ર)
અને સમગ્ર પાટડિયા પરિવાર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com